

Peace of Mind

**March-2022**


# Saman Shri Shrutpragyaji

◆ Spiritual Guide ◆ Author ◆ Educationist

**Peace of Mind Foundation**
'Abhavalay',Vinayak Vatika,
Opp. Madhapar bus stop, Jamnager Road,
Rajkot-360006. Gujarat , India.
Mobile # +91 9427366164
Email: pomyc.org@gmail.com
Website: www.pomyc.org






## ત્રણ દિવસીય શૈક્ષણિક શિબિર

**વિષય :** ભવિષ્યનું શિક્ષણ

**સ્થાન :** તપોવન, ઘુમલી

**તારીખ:** ૧૮ થી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૨

**કાર્યક્રમ :**

- તપોવનમાં અભ્યાસરત બાળકોના માતા પિતાઓ માટે વિશેષ શિબિર
- સમણ શ્રી દ્વારા ૧૦ લાઈફ લેશન પર પ્રભાવક પ્રવચનો
- ભીમસી ભાઈ દ્વારા ભવિષ્યના શિક્ષણની રૂપરેખા પર વક્તવ્ય
- ધ્યાન, યોગ, પ્રાણાયામ અને યજ્ઞનું નિયમિત પ્રશિક્ષણ
- અજન્મા નાટકની ભાવવાહી પ્રસ્તુતિ, સાંસ્કૃતિક કાર્યક્રમ
- વાલીઓનાં પ્રતિભાવો અને સંકલ્પો





**૨૧ ફેબ્રુઆરી**



## સાહિત્ય અકાદમી ગુજરાત દ્વારા ભાણવડમાં આયોજિત માતૃભાષા કાર્યક્રમમાં સમણ શ્રુતપ્રજ્ઞજીનું ઉદબોધન

આજે વિશ્વ માતૃભાષા દિવસ છે. પોતાની માતૃભાષામાં બાળકનો જે વિકાસ થાય છે, એ અન્ય કોઈ ભાષામાં થતો નથી. વ્યક્તિનું શરીર, મન અને મગજ માતૃભાષા માટે જ ગડાયેલું હોય છે. માણસ પોતાના હસ્તાક્ષર, સહી કમસે કમ પોતાની માતૃભાષામાં કરે એ ભાષાનો પ્રેમ વધારવા જરૂરી છે.

સાહિત્યકાર મનોજ રાવલ અને લોક સાહિત્યકાર કાંતિભાઈ કુંડલિયા એ પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું આયોજન પુરુષાર્થ સ્કૂલમાં પ્રો. આર એસ રાઠોડના માર્ગદર્શન હેઠળ થયું હતું. સ્કૂલના પ્રમુખ ભીમસી ભાઈ વિશેષ રૂપે હજાર રહ્યા હતા.

તા. ૭ માર્ચ

## કે કે શાહ વિદ્યાલય વાંકાનેરમાં સમણ શ્રુતપ્રજ્ઞજીનું પ્રવચન




અભ્યાસ જ્ઞાન માટે કરવો જોઈએ, ટકા લાવવા માટે નહી. ટકા લાવવાનું લક્ષ્ય ટેંશનનું કારણ બને છે. જ્ઞાનનું લક્ષ્ય મુક્તિનું કારણ બને છે. વિદ્યાર્થીએ પરિણામ ઉપરથી દૃષ્ટિ હટાવી માત્ર પ્રવૃત્તિ પર દૃષ્ટિ કેન્દ્રિત કરવું જોઈએ.

એમને વિદ્યાર્થીઓને જાગૃતિ, મજબૂતી, ચરિત્ર નિષ્ઠા, શિસ્ત, અને જિજ્ઞાસા વૃત્તિ કેળવી જીવનની દરેક સ્થિતિમાં પ્રસન્નતાથી કેમ જીવવુ તેની પ્રેરણા આપી હતી.

કાર્યક્રમમાં પ્રાચાર્ય શ્રી નીલેશભાઈ, દર્શનાબેન, અમરશી ભાઈ મઢવી હાજર રહ્યા હતા અને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.



તા. ૧૦/૧૨ માર્ચ

## નાકોડા તીર્થ યાત્રામાં સમણશ્રીનું પ્રવચન



શિકાગો સ્થિત અતુલભાઈ અને ધર્મીબેન શાહની પ્રેરણાથી એમના માતૃશ્રી ભાનુબેન શાહનું માતૃ ઋણ ચૂકવવા નાકોડા તીર્થની યાત્રાનું આયોજન કર્યું હતું. જેમાં સમણ શ્રુતપ્રજ્ઞજી પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. એમને સંઘ સમક્ષ બે પ્રવચનો આપ્યા હતા.

તદુપરાંત જ્ઞાન શાળાના બાળકોને પણ સંબોધિત કર્યા હતા. મયુરભાઈ કરમુર અને જેસંગભાઈ ઇંડા સમણ શ્રી સાથે રાજકોટથી યાત્રામાં જોડાયા હતા.





## સમણજીની લાલબાપુ સાથે સત્સંગ મુલાકાત



સમણજી અશ્વિન ભાઈ, સુખુભા અને ભીમશીભાઈ આજે ગધેધડ સ્થિત ગાયત્રી મંત્ર ઉપાસક પૂજ્ય લાલબાપુ સાથે મુલાકાત કરી હતી. એક કલાક સુધી એમની સાથે વ્યક્તિગત ચર્ચા કર્યા પછી આયોજિત સત્સંગ સભામાં સમણજી મંત્રની ઉપયોગિતા પર પ્રવચન આપ્યું હતું. એમને કહ્યું કે મંત્ર નેગેટિવિટીને દૂર કરે છે અને ભીતરની ઊર્જા લેવલમાં વધારો કરે છે. મંત્ર સાધના સાથે ભાવ અને શ્રધ્ધા ભળે છે ત્યારે એ પરમની ભક્તિ બની જાય છે.

તા. ૧૬ માર્ચ

## પુરુષાર્થ સ્કૂલ ભાણવડના વિદ્યાર્થીઓનો દીક્ષાંત સમારોહ



આ વિદાય સમારોહ નથી, વિકાસ સમારોહ છે. અહીંના ૧૨ ધોરણનાં વિદ્યાર્થીઓ ઉંચ શિક્ષણ માટે આગળ કોલેજમાં જશે. અહીંથી પોતાના જ્ઞાન અને ઘડતરનો વિકાસ કરવા જઈ રહ્યા છે અને એટલે આ વિકાસ સમારોહ છે.

આ વિચાર સમણ શ્રુપ્રજ્ઞજીએ બાળકોને સંબોધીને કહ્યા હતા. એમને આગળ કહ્યું, વિકાસ યાત્રામાં પાંચ બાબતોનું વિશેષ ધ્યાન રાખજો :

૧. જાગૃતિ : દરેક ક્ષણે સજાગ રહીને જીવજો.

૨. મજબૂતી : શરીરથી સ્વસ્થ અને મનથી સ્ટ્રોંગ રહેજો.

૩. ચરિત્ર નિષ્ઠા : દષ્ટિ સંયમિત, વિચાર સ્વસ્થ અને આચરણ પવિત્ર રાખજો.

૪. શિસ્ત : શિસ્તમાં ક્યારેય ક્યાંય ઢીલ નાં મૂકશો.

૫. જિજ્ઞાસા : જિજ્ઞાસા જ્ઞાનની જનની છે, એને સક્રિય રાખજો. ભીમસીભાઈ (પ્રમુખ પુરુષાર્થ સ્કૂલ) એ કહ્યું કે તમારી આજુ બાજુના વાતાવરણની તમારા માનસ ઉપર અસર થાય છે એટલે સંયમ રાખી સાત્વિકતા જાળવી રાખજો. કુશાલ ભાઈ અને વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા.



## તા. ૧૬ માર્ચ

# વેદ નમન ગ્રુપ રાજકોટ ખાતે સમણ શ્રુતપ્રજ્ઞજીનું જૈન દર્શન પર પ્રવચન



બધા ધર્મો સરખા નથી, જો હોત તો આટલો ભેદ નાં હોય. દરેક ધર્મની દાર્શનિક માન્યતા અલગ અલગ હોવાના કારણે ધર્મમાં વિભિન્નતા ઊભી થાય છે. પરંતુ બહુ ઊંડાણમાં જઈએ તો ભેદમાં પણ અભેદના તાર જોડાયેલા હોય છે. સ્થૂળ દૃષ્ટિ વાળા ને ભેદ દેખાય છે, સૂક્ષ્મ દૃષ્ટિ વાળા ને અભેદ દેખાય છે.

જૈન દર્શન ઈશ્વર ને સૃષ્ટિ ના કર્તા નથી માનતો. એ કહે છે નિયંતા કોઈ નથી, માત્ર નિયમ છે.

જૈન દર્શન માને છે કે આ સૃષ્ટિ છ દ્રવ્યોના સંયોગથી વ્યવસ્થિત ચાલે છેઃ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાલ, પુદગલ અને જીવ.

જૈન દર્શન અહિંસા, અપરિગ્રહ, અને અનેકાંતવાદ જેવા ત્રણ સિદ્ધાંતો પર ભાર મૂકે છે. બાંધેલા કર્મોને તોડી શકવાની જીવની સ્વતંત્ર સત્તા છે. બાર પ્રકારના ઉપાયો દ્વારા કર્મોને તોડી શકાય છે.

કાર્યક્રમના અંતમાં સમણજીનું સન્માન કરવામાં આવ્યું હતું. પીસ ઓફ માઈન્ડ તરફથી સૌને સમણજીની લખેલી નવી પુસ્તક ' સુરક્ષા કવચ ' ભેટ આપવામાં આવી હતી. કમલેશભાઈ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

## તા. ૨૩ માર્ચ

# વિદ્યાર્થીઓને શુભેચ્છા અને વિદાય અને પ્રેરક વકતવ્ય






**સ્થાન** : શ્રી વર્ધમાન જૈન વિદ્યાલય, કટારિયા, કચ્છ

**કાર્યક્રમ** : ધોરણ ૧૦ અને ૧૨ નો શુભેચ્છા અને વિદાય તથા શાળાનો વાર્ષિકોત્સવ

**અધ્યક્ષ સ્થાન** : શ્રી સુરેશભાઈ વારૈયા

**વક્તા** : સમણ શ્રુપ્રજ્ઞજી

વિશેષ :

સમણ શ્રુપ્રજ્ઞજીએ કહ્યું કે મહેનત કરવી તમારા હાથમાં છે, પરિણામ તમારા હાથમાં નથી. વિદ્યાર્થીઓને ટેન્શન પરિણામનું હોય છે અને તેથી એ ભણવામાં એકાગ્ર થઈ શકતા નથી. ભગવત ગીતા કહે છેઃ કર્મ પર તારો અધિકાર છે, પરિણામમાં નહીં, આ ન્યાયે કર્મ પર ધ્યાન કેન્દ્રિત કરો તો પરિણામ આપો આપ સારું આવે છે.

આજે ૨૩ માર્ચ એટલે દેશ માટે શહીદ દિવસ પણ છે ત્યારે સાચી શ્રધ્ધાંજલિ આપણે રાષ્ટ્ર માટે શું કરી શકીએ એ વિચારી સંકલ્પ કરવાની જરૂર છે.

અનિલદાન ગઢવીએ સફળ કારકિર્દી માટે શું કરવું તેનુ અનુભૂત માર્ગદર્શન આપ્યું. અધ્યક્ષ શ્રી અને સંસ્થાના પ્રમુખ સુરેશભાઈએ વિદ્યાર્થીઓને કઠોર પરિશ્રમ કરી આગળ વધવાની પ્રેરણા આપી. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

## તા. ૨૩ માર્ચ



# જૈન સંત કીર્તિચંદ્રસુરી સાથે મુલાકાત - સામખિયારી

તા. ૨૩ માર્ચ ૨૦૨૨ નાં સમણ શ્રુતપ્રજ્ઞજી કટારિયા કાર્યક્રમ દરમિયાન સામખિયારીમાં જૈન સંત કીર્તિચંદ્રસુરીજીની મુલાકાત લીધી હતી, જેઓ પોતે સમણશ્રીના પુસ્તકો જિજ્ઞાસા ભાવથી વાંચે છે. એક કલાકની મુલાકાતમાં અનેક વિષયો પર ચર્ચા કરી હતી. સાથે અન્ય સંતો પણ આ જ્ઞાન ગોષ્ઠીમા જોડાયા હતા.

## તા. ૨૬ માર્ચ અમેરિકાથી પારુલ બેન અને મુકેશ ભાઈ કામદાર ભાણવડની મુલાકાતે

સમણજીના દર્શન કરવાની અભિલાષાથી પારૂલબેન અને મુકેશભાઈ કામદાર ઓસ્ટિન, ટેક્સાસથી ભાણવડની પુરુષાર્થ સ્કૂલ અને ધુમલીની તપોવન સંસ્થાની મુલાકાતે પધારેલા હતા.એમની સાથે ઉદયભાઈ અને દીનાબેન દેસાઈ પણ એટલાજ ઉત્સાહથી જોડાયા હતા. એમનું સંસ્થા દ્વારા ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કામદાર પરિવારે બાળકોને સંબોધ્યા હતા અને ભારતીય આધ્યાત્મિક પરંપરા માટે ગૌરવ વ્યક્ત કર્યું હતું.

એમને સંસ્થા દર્શન કર્યા પછી પ્રસન્નતા વ્યક્ત કરતા કહ્યું હતું કે ગુજરાતના અંતરંગ ક્ષેત્રોમાં આટલું સુંદર કાર્ય થતું હોય એ અમારા માટે આશ્ચર્યકારી ઘટના છે. સમણજી અને ભીમસીભાઈના માર્ગદર્શન નીચે સંસ્થા શ્રેષ્ઠ કાર્ય કરતી રહે એવી સદભાવના વ્યક્ત કરીએ છીએ. સંસ્થાના પ્રમુખ ભીમસીભાઈ કરમૂરે આ મુલાકાત બદલ આનંદની અને આભારની લાગણી વ્યક્ત કરી હતી. સંયોજન સા જોશીએ કર્યું હતું.



# સમણ શ્રી શ્રુતપ્રજ્ઞજીનાં આગામી કાર્યક્રમ



**તા. ૮-૧૬ એપ્રિલ**
**આયંબિલ ઓળી**
**શ્રી સ્થાનકવાસી જૈન સંઘ**
**બિસ્તુપુર, જમશેદપુર**
**સંપર્ક: ૯૩૩૪૬ ૧૫૭૯૯**

**તા. ૨૦-૩૦ એપ્રિલ**
**આભાવલય, રાજકોટ**

**તા. ૧ - ૨૦ મે**
**મલેશિયા અને**
**સિંગાપુર(સંભાવિત)**

**તા. ૨૧ મે ૫ જૂન**
**તપોવન, ઘુમલી**

**તા. ૬ - ૧૫ જૂન**
**રાજકોટ**

**તા. ૧૬ - ૨૨ જૂન**
**લંડન, ઈંગ્લેન્ડ**

**તા. ૨૨ - ૨૮ જૂન**
**ડેનમાર્ક**

**તા. ૧ જુલાઈથી ૨૦**
**સપ્ટેમ્બર**
**અમેરિકા યાત્રા**

**તા. ૨૧ - ૩૦ સપ્ટેમ્બર**
**લંડન,ઈંગ્લેન્ડ**

**તા. ૧ ઓક્ટોમ્બર**
**ભારત**

## ઓનલાઇન સ્રોત

Peace of mind rajkot ની YouTube ચેનલ આપ નીચે આપેલી લિંક થકી સસ્ક્રાઈબ કરી શકો છો. આ ચેનલમાં સમણ શ્રીના દેશ અને દુનિયાના અન્ય દેશોમાં આપેલા વિવિધતા લક્ષી વિષયો પર આપેલા પ્રવચનો ઉપલબ્ધ છે. હમણાં જ એમને એક શિબિર આપેલી : જો જીવન એક રમત હોય તો?? એ પ્રવચન શૃંખલા અને આયુર્વેદ પર આપેલા પ્રવચનો પણ ઉપલબ્ધ છે. લિંક છે:

https://bit.ly/2Iho0dN

આ ઉપરાંત સમણજી દ્વારા લિખિત બ્લોગમાં સ્વાસ્થ્ય, શાંતિ અને અધ્યાત્મ સાધના સંબંધિત જ્ઞાનનો પણ નીચેની લિંકનાં માધ્યમે લાભ લઈ શકો છો.

લિંક :

https://www.pomyc.org/blogs

YouTube

# પેરેન્ટીંગ




કેટલાં પેરેન્ટ્સ પોતાનાં સંતાનો હવે ઈનફ સમજું થઈ ગયાં છે એવું માનવા તૈયાર નથી હોતા. એક સાવ સાચી ઘટના છે. એક પિતાએ તેના પુત્રને ખૂબ ભણાવ્યો. દીકરાને ડોક્ટર બનાવ્યો. ડોક્ટર બની ગયેલા દીકરાએ પિતાને અમુક આદત બદલવાનું કહ્યું. પિતાએ કહ્યું કે બસ રહેવા દે હવે, ખબર છે બહુ મોટો ડોક્ટર થઈ ગયો છે. મોટાભાગનાં પેરેન્ટ્સ એનાં સંતાનોને એટલે જ કામ, ધંધા અને સામાજિક વ્યવહારો સોંપી નથી શકતાં, કારણ કે એ તેમને કાયમ નાના અને અણસમજું જ સમજતાં રહે છે. તું રહેવા દે, તને આમાં ખબર ન પડે એવું મોટાભાગનાં મા-બાપે ક્યારેક તો એનાં સંતાનોને કહ્યું જ હોય છે.

બહુ ઓછા લોકો સમય સાથે એટલા ગ્રો થયા હોય છે કે એ પોતાનાં સંતાનોને કહી શકે કે હવે બધા ડિસીઝન તમે લો. યુ આર નાઉ ઈનફ મેચ્યોર. ખબર હોય કે સંતાનો સમજુ થઈ ગયાં છે છતાં પોતે કંઈ છોડી શકતાં નથી. ઉંમરના દરેક તબક્કે માણસે કોઈ ને કોઈ નિર્ણયો કરવા પડતા હોય છે અને આપણે કેવા નિર્ણયો કરીએ છીએ તેના પરથી જ નક્કી થતું હોય છે કે આપણે કેટલા ગ્રો થયા છીએ. સંતાનો સામા થાય કે જુદા થઈ જાય તેનું એક કારણ એ પણ હોય છે કે સંતાનો ગ્રો થઈ ગયાં હોય છે, પણ આપણે ગ્રો થયા હોતાં નથી.